**પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,**

**પોલીસ ભવન, જેલ રોડ, વડોદરા-૩૯૦૦૦૧**

**વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં.૦૨૬૫-૨૪૨૩૯૫૦**

**કંટ્રોલરૂમ ફેક્સ નં.૦૨૬૫-૨૪૩૨૫૮૨**

e-mail :cp-spl-vad@gujarat.gov.in


## જાહેરનામું

**ક્રમાક- જી/સીપી/વિ.શા./મ.ન.પા/ચૂંટણી/ ૫૮૭ /૨૦૨૧,** **તા.૩૧/૧/૨૦૨૧**

## ફોજદારી કાર્યરીતિ અધિનિયમ –૧૯૭૩ ની કલમ–૧૪૪ હેઠળ કરેલ હુકમ

રાજય ચૂંટણી આયોગ દ્વારા મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી-૨૦૨૧ નો કાર્યક્રમ પરિપત્ર ક્રમાંક: ઈએલસી-સી.ઓ.સી.-૩(૭)-૦૧૨૦૨૧-ક તા.૨૩/૦૧/૨૦૨૧ થી જાહેર કરેલ છે તે મુજબ વડોદરા શહેરમાં મહાનગરપાલિકા મતદાનની તા.૨૧/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૨૩/૦૨/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે. જીલ્લા / તાલુકા પંચાયતની મતદાનની તા.૨૮/૦૨/૨૦૨૧ તેમજ મત ગણતરીની તા.૦૨/૦૩/૨૦૨૧ નકકી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત રાજય ચુંટણી આયોગ, ગાંધીનગરના આદેશ ક્રમાંક–રાચપ–ચટણ–સીઓસી –સ્થા.સ્વ.–૧૩૮(૧)–૧૨૨૦૦૯–ક તા.૦૬/૦૧/૨૦૧૦ થી કાયદો અને વ્યવસ્થાની જાળવણી અંગે રાષ્ટ્રીય પક્ષો, ઉમેદવારો, સત્તાધારી પક્ષ, પદાધિકારીઓ, જિલ્લાની સરકારી કચેરીઓને અમલ કરવાની આદર્શ આચાર સંહિતા તા.૨૩/૦૧/૨૦૨૧ થી અમલમાં આવેલ છે. જેને ધ્યાને લઈ શાસક પક્ષના સભ્યો કે ઉમેદવારો ધ્વારા વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ બાબતે નિયંત્રણ રાખવા સુચના આપેલ છે.

વાસ્તે, હું **ડો.શમશેર સિંઘ, (આઈ.પી.એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર** ફોજદારી કાર્યરીતિ અધિનિયમ–૧૯૭૩ ની કલમ–૧૪૪ મુજબ મને મળેલી સત્તાની રૂએ આથી ફરમાવું છું. કે, વડોદરા શહેરમાં તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૦૫/૦૩/૨૦૨૧ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરના હકુમત હેઠળના વિસ્તારમાં યોજનાર મહાનગરપાલિકા તેમજ જિલ્લા/તાલુકા પંચાયત ચૂંટણી હેઠળના વિસ્તારમાં, વિશ્રામગૃહ, ડાક બંગલા, સરકારી રહેણાંક વિગેરેના વપરાશ કરવા ઉપર નીચે મુજબનો પ્રતિબંધ મુકવામાં આવે છે.

૧. વિશ્રામગૃહ, ડાક બંગલા, અને સરકારી રહેણાંકના ઉપયોગનો સત્તા પક્ષના સભ્યો કે ઉમેદવારો એક હથ્થુ અધિકારો ભોગવશે નહી અને આવા રહેણાંકનો ઉપયોગ બીજા પક્ષના સભ્યો કે ઉમેદવારોને પણ કરવા દેશે.

૨. કોઈ પણ પક્ષ કે ઉમેદવારો આવા રહેણાંક (તેની સાથે જોડાયેલ આગણું–વરંડા સહિત) નો ઉપયોગ પ્રચાર કચેરી કે અન્ય ચૂંટણી વિષયક હેતુ માટે કરી શકશે નહી. સરકારી વિશ્રામગૃહ,અતિથિગૃહ વિગેરેમાં રાજકીય પક્ષોના સભ્યોની પ્રાસંગીક મીટીંગ પણ યોજી શકશે નહી.

૩. ચૂંટણી પ્રચારમાં આવેલ જે મહાનુભાવોને સરકારી વિશ્રામ ગૃહ–અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમ ફાળવવામાં આવી હોય તે મહાનુભાવોને લાવતા–લઈ જતાં વાહનને જ સરકારી વિશ્રામગૃહ/અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે.જો તેઓના માટે એક કરતા વધારે વાહનોનો ઉપયોગ કરતા હોય તો બે થી વધારે વાહનોને વિશ્રામગૃહ / અતિથિગૃહ વિગેરેના કમ્પાઉન્ડમાં રાખી શકાશે નહી. એક જ વ્યકિતને ૪૮ કલાક થી વધુ સમય માટે રૂમ ફાળવી શકાશે નહી.

૪. ચૂંટણી પ્રચારમાટે આવતા કોઈ પણ મહાનુભાવો મતદાન પુરુ થવાના ૪૮ કલાક પહેલા વિશ્રામગૃહ /અતિથિગૃહ વિગેરેમાં રહેવા માટે રૂમનો ઉપયોગ કરી શકશે નહી.

**-: શિક્ષા :-**

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ વિરૂધ્ધ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. વડોદરા શહેરમાં ફરજ બજાવતાં હેડ કોન્સ્ટેબલ થી અધિક પોલીસ કમિશ્નરશ્રી સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફરીયાદ કરવા માટે અધિકૃત કરવામાં આવે છે.

**::-વિજ્ઞપ્તિ -::**

**હું આથી આદેશ આપું છું કે ,આ હુકમની નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં સહેલાઈથી દેખી શકાય તેવી જગ્યાઓએ નકલો ચોંટાડીને તથા સ્થાનિક વર્તમાન પત્રો દ્વારા પ્રસિધ્ધિ કરાવવી ,તેમજ આકાશવાણી અને દુરદર્શન ઉપરથી જાહેરાત કરાવવી.**

આજ તા૩૫/૦૫/૨૦૨૧ ના રોજ મારી સહી અને કચેરીનો સિકકો કરવામાં આવ્યો.

(ડો. શમશેર સિંઘ)
પોલીસ કમિશ્નર,
વડોદરા શહેર.

**પ્રતિ,**

**(૧) વડોદરા શહેર તમામ પોલીસ સ્ટેશન ઈન્ચાર્જશ્રીઓ(નકલો ચોંટાડી લાઉડસ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ.)**

**(૨) વડોદરા શહેર પોલીસના તમામ સ્કવોડ તથા શાખા ઈન્ચાર્જશ્રીઓ**

**(૩) વડોદરા શહેર કંટ્રોલરૂમ ઈન્ચાર્જશ્રી પોલીસ જાણ તથા વર્તમાનપત્રો ધ્વારા પ્રસિધ્ધી કરાવવા સારૂ**

**(૪) વડોદરા શહેર પોલીસના તમામ નાયબ પોલીસ કમિશ્નરશ્રીઓ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રીઓ તરફ.**

**<u>જયભારતસહ નકલ રવાના</u> :-**

(૧) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.), ગુ.રા., ગાંધીનગર.
(૩) પોલીસ મહાનિરીક્ષકશ્રી, વડોદરા રેન્જ, વડોદરા.
(૪) જીલ્લા ચૂંટણી અધિકારીશ્રી કલેકટરશ્રીની કચેરી, વડોદરા શહેર,વડોદરા.
(૫) ચૂંટણી આચારસંહિતા અમલીકરણ અધિકારીશ્રી, તથા નોડલ અધિકારીશ્રીઓ
(૬) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ કોર્ટ, વડોદરા.
(૮) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશીયલ મેજી.કોર્ટ, વડોદરા.
(૯) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૦) કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી, વડોદરા.
(૧૧) પોલીસ અધિક્ષકશ્રી, વડોદરા ગ્રામ્ય, વડોદરા.
(૧૨) પોલીસ અધિક્ષકશ્રી, પશ્ચિમ રેલ્વે વડોદરા તથા પોલીસ ઈન્સ.શ્રી, વડોદરા રેલ્વે પો.સ્ટે.,વડોદરા.
(૧૩) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, વડોદરા.
(૧૪) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, વડોદરા.(ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૨૫ નકલો અત્રે મોકલી આપવા સારુ).
(૧૫) આસી. કમિશ્નરશ્રી, (ઈન્ટે.), વડોદરા રીજીયન, વડોદરા.
(૧૬) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા શહેર, વડોદરા.
(૧૭) મામલતદાર અને એકજીકયુટીવ મેજી.શ્રી, વડોદરા તાલુકા, વડોદરા.
(૧૮) સંયુકત માહિતી નિયામકશ્રી, કોઠી કચેરી, વડોદરા.

**૨/- સ્થાનિક વર્તમાનપત્રોમાં તથા ચેનલોમાં વિના મુલ્યે બહોળી પ્રસિધ્ધિ કરવા વિનંતી સહ.**